પત્રિકા ૧૪૯

# ચિરાગે હિદાયત

૦૯/૦૩/૧૮ ૨૦ જ.આખર

## આ અઠવાડિયાની મુનાસેબત

**૨૦ જ.આખર – વિલાદતે જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.)**

**૨૧ જ.આખર – વફાતે જનાબે ઉમ્મે કુલસુમ(સ.અ.)**

## જનાબે ફાતેમા(સ.અ.)

આજે ૨૦ મી જમાદીઉલ આખર, જુમ્આનો દિવસ અને ખાતુને જન્નત જનાબે ફાતેમા(સ.અ.)ની વિલાદતના દિવસની મુબારકબાદ તેમના ફરઝંદ યુસુફે ઝહરા ઝમાનાના ઈમામ હઝરત મહદી(અ.ત.ફ.શ.)ને પેશ કરીએ. અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલે મોહમ્મદ.

જનાબે ફાતેમા(સ.અ.)ની બાબરકત વિલાદતનો ઝિક્ર સાંભળવા આપને તેમના જ ફરઝંદ તરફ રજુ થઈએ.

મુફઝ્ઝલ બયાન કરે છે કે તેણે હઝરત ઈમામ જાફર સાદીક(અ.સ.)ને અર્ઝ કરી કે ''તમે મને તમારા દાદી જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.)ની વિલાદતનો કાંઈક હાલ બતાવો.''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અય મુફઝ્ઝલ સાંભળો! જયારથી જનાબે ફાતેમા(સ.અ.) જનાબે ખદીજા(સ.અ.)ના શીકમમાં હતા ત્યારથી જ માતા અને પિતા બંને માટે ખુશીનું કારણ હતા. તેઓ તે સમયથી જ તેમની માતા સાથે વાતચીત કરતા રહેતા અને તેમનું દીલ બહેલાવતા કારણ કે મક્કાની ઔરતોએ જનાબે ખદીજા(સ.અ.)થી દરેક પ્રકારનો સંબંધ તોડી નાખ્યો હતો. જયારે આ વાત જનાબે ખદીજા(સ.અ.)એ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને કરી કે જે બાળક મારા શિકમમાં છે તે ઘણી વખત મારી સાથે વાતો કરે છે, જેનાથી મારૂં દીલ બહેલાય છે, ત્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું અય ખદીજા(સ.અ.) અલ્લાહતઆલાએ જિબ્રઈલ મારફત મને ખબર આપી છે જે આપણા માટે ખુશીનું કારણ છે, આ નેક દિકરી તાહેરા છે. અલ્લાહ આ જ દિકરીની નસ્લથી અઈમ્માહ(અ.મુ.સ.)ને પૈદા કરશે કે જેઓને અલ્લાહ તઆલા વહીનો સિલસિલો કપાઈ જવા પછી મારા વસી અને જમીનમાં ખલીફા મુકર્રર કરશે. જેઓ મારી નસ્લ કહેવાશે.''

ઈમામ જાફર સાદીક(અ.સ.) ફરમાવે છે ''અલ્લાહ તઆલાની નઝદીક આપ(સ.અ.)ના નવ નામો છે. ફાતેમા, સીદ્દીકા, મુબારેકા, તાહેરા, ઝકીય્યા, રઝીય્યા, મરઝીયા, મોહદ્દેસા, ઝહરા.'' *(બેહારૂલ અન્વાર-૪૩/૧૦, હદીસ નં.૧)*

હઝરત ઈમામ અલી(અ.સ.)એ ફરમાવ્યું કે મેં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને આમ ફરમાવતા સાંભળ્યા કે ''જનાબે ફાતેમા(સ.અ.)નું નામ ફાતેમા એટલા માટે છે કે અલ્લાહે તેઓને અને તેમના શિયાઓને જહન્નમથી અલગ કરી દીધા છે અને તેઓ તે ઈમાન અને તૌહીદની સાથે જે હું લઈને આવ્યો છું અલ્લાહથી મુલાકાત કરશે.''

### * *આપ (સ.અ.)ની નુરાની પૈદાઈશ :*

ઝહેરા એટલે પ્રકાશિત અને નુરાની.

ઈમામ જાફરે સાદીક(અ.સ.) ફરમાવે છે કે જનાબે ફાતેમા(સ.અ.)ને ઝહેરા કહેવામાં આવે છે કારણ કે અલ્લાહ તઆલાએ આપ(સ.અ.)ને પોતાના મહાન નુર વડે રોશન કર્યા અને નુરના પ્રકાશને જોઈને મલાએકાઓ સજદામાં ચાલ્યા ગયા અને કહેવા લાગ્યા ''આ કયું નુર છે?''

કુદરતનો અવાજ આવ્યો આ મારા નુરનો એક હિસ્સો છે જેને મેં આસમાનમાં રોશન કર્યુ છે તથા તેને પોતાની ઉચ્ચતા અને બુલંદી વડે પૈદા કર્યુ છે. આ નુરને હું મારા એ પયગંબરની સુલ્બથી અસ્તિત્વ અતા કરીશ જે તમામ અંબીયાઓ કરતા અફઝલ છે અને તે નુરથી તે ઈમામો(અ.મુ.સ.) અસ્તિત્વમાં આવશે. જેઓ મારા દીનને મજબુત અને અડગ બનાવશે, લોકોને મારા હકનું માર્ગદર્શન આપશે અને હું તેઓને વહીના અંત પછી ક્રમશઃ ધરતી પર મારા જાનશીન અને ખલીફા નિયુક્ત કરીશ. *(બેહારૂલ અન્વાર : ૪૩/૧૨, હદીસ નં.૫)*

### * *સિદ્દીકા : બહુ વધારે સાચું બોલનારી*

જનાબે ફાતેમા(સ.અ.)નું એક નામ સિદ્દીકા છે અને આપ(સ.અ.)ને સિદ્દીકતુલ કુબરા કહેવામાં આવે છે એટલે કે જેમનું કાર્ય અને જેમની વાતની સત્યતા પુરવાર કરતું હોય. જેવો કોલ એવો ફેલ.

ઈમામ જાફરે સાદીક(અ.સ.) ફરમાવે છે કે ''જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.) સિદ્દીકએ કુબરા છે અને અગાઉની ઉમ્મતોનો કમાલ તેમની જ ઓળખ અને માઅરેફત ઉપર આધારિત હતો. *(બેહારૂલ અન્વાર : ૪૩/૧૦૫, હદીસ નં.૧૯) (અવાલીમ : ૧૧/૯૧, હદીસ નં.3)*

### * જનાબે ફાતેમા(સ.અ.) ના નામની ફઝીલતઃ

સોકુની કહે છે કે જયારે હું ઈમામ જાફરે સાદીક(અ.સ.)ની ખિદમતમાં હાજર થયો, ત્યારે હું બેચેન અને ગમગીન હતો. ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''શું બાબત છે સોકુની? શા માટે બેચૈન અને ગમગીન છો?'' મેં કહ્યું ''કારણ કે મારે ત્યાં દિકરીનો જન્મ થયો છે.''

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''અય સોકુની ! તને શેની ચિંતા છે? તેનો ભાર ધરતી સહન કરવાની છે અને રિઝ્કની જવાબદારી અલ્લાહ ઉપર છે! તેની જિંદગી તમારા આયુષ્યમાં કોઈ ઘટાડો નહીં કરે તેમજ તે તમારા હિસ્સાની કોઈ રોઝી પણ નહીં ખાય.'' સોકુની કહે છે ''ખુદાની કસમ! આ સાંભળી મારો ગમ અને ગુસ્સો શાંત પડી ગયો.''

પછી ઈમામ(અ.સ.)એ મને ફરમાવ્યું ''તેનું નામ શું રાખ્યું છે?'' મેં કહ્યું ''ફાતેમા.'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''આહ, આહ, આહ!'' પછી પોતાનો મુબારક હાથ કપાળ ઉપર રાખ્યો અને ફરમાવ્યું ''જયારે તમે તેનું નામ 'ફાતેમા' રાખ્યું છે, તો પછી એ કાળજી રાખજો કે તેણીને કદી ખરાબ ન કહેશો અને તેણીને ક્યારેય મેણા ટોણા ન મારશો, તેમજ તેને કદી તમાચા ન મારશો.'' *(અર રહેમાની, પે.૧૫૫, અવાલીમ : ૧૧/૧૦૩૮, હ.૧)*

સુલયમાન જાફરી કહે છે કે મેં ઈમામ મુસા બિન જાફર(અ.સ.) પાસેથી સાંભળ્યું છે કે તેઓ(અ.સ.) ફરમાવે છે ''ફક્ર (તંગી અને ગરીબી) તે ઘરમાં ક્યારેય પ્રવેશી શકતી નથી, જે ઘરની સ્ત્રીઓમાં કોઈનું નામ ફાતેમા હોય.'' *(અવાલીમ :૧૧/૧૦૩૮, હ.૨,બે.અન્વાર:૧૦૪/૧૩૧, હ.૨૫)*

### * મોહદ્દેસા :

આપ(સ.અ.)નું એક નામ મોહદ્દેસા છે એટલે કે તે સ્ત્રી જેની સાથે ફરિશ્તાએ વાતચીત કરી હોય.

જયારે જનાબે ઝહેરા(સ.અ.) મહેરાબે ઈબાદતમાં ઉભા રહેતા ત્યારે ૭૦,૦૦૦ મુકર્રબ ફરિશ્તાઓ આવીને તેઓને સલામ કરતા અને તેમને એ શબ્દોમાં સંબોધન કરતા જે શબ્દોમાં જનાબે મરીયમને (સુરએ આલે ઈમરાન, આ.૪૨માં) સંબોધન કરતા.

ફરિશ્તાઓ કહેતા ''અય ફાતેમા(સ.અ.)! અલ્લાહે તમને ચુંટયા અને દરેક બુરાઈથી પાક રાખ્યા અને તમામ આલમીનની ઔરતો પર તમને ફઝીલત આપી.'' એટલે જ આપને સય્યદતો નીસાઈલ આલમીન પણ કહેવામાં આવે છે.

*    **સય્યદતો નિસાઈલ આલમીનઃ**

શઅબીએ મસરૂકથી અને તેણે આયેશાથી રિવાયત કરી છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ખૂબજ ધીમી આવાઝમાં કાંઈક કહ્યું તો જનાબે ફાતેમા(સ.અ.) હસ્યા, ત્યારે મેં તેમને પૂછયું કે ''હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ તમને શું ફરમાવ્યું?''

જનાબે ફાતેમા(સ.અ.)એ ફરમાવ્યું કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ મને કહ્યું ''બેટી! શું તમે તેના પર ખુશ નહીં થાવ કે તમે સય્યદતો નીસાએ એહલે જન્નત (જન્નતની ઔરતો)ની સરદાર અથવા ઉમ્મતની ઔરતોની સરદાર હોવ.''

*    હિલ્યતુલ અવ્લીયા અને કિતાબે શીરાઝીમાં ઈમરાન બિન હસીન અને જાબીર બીન સુમરાથી રિવાયત છે કે એક વખત નબી(સ.અ.વ.) જનાબે ફાતેમા(સ.અ.)ના ઘરે તશરીફ લઈ ગયા અને પૂછયું ''બેટી! કેમ છો?''

જનાબે ઝહેરા(સ.અ.)એ ફરમાવ્યું ''બાબા ! તબીયત બરાબર નથી અને વધુમાં એ કે ઘરમાં કાંઈ ખાવાનું પણ નથી.'' હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''બેટી! શું તમે તેના પર ખુશ નથી કે તમે સય્યદતો નિસાઈલ આલમીન છો?''

જનાબે ઝહેરા(સ.અ.)એ ફરમાવ્યું ''બાબા ! અગર એવું છે તો પછી જનાબે મરયમ બિન્તે ઈમરાનનો શું મકામ છે?'' હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''તેઓ ફકત પોતાના ઝમાનાની ઔરતોના સરદાર હતા, તમે દરેક ઝમાનાની ઔરતોના સરદાર છો.''

અઝીઝો! જેવી રીતે હઝરત અલી(અ.સ.) અમીરૂલ મોઅમેનીન અને દુનિયામાં પણ સરદાર છે. એવી જ રીતે જનાબે ફાતેમા(સ.અ.) પણ દરેક ઝમાનાની ઔરતોના સરદાર છે અને એહલે જન્નતની ઔરતોના પણ સરદાર છે.

જેવી રીતે હદીસોમાં છે કે 'અમીરૂલ મોઅમેનીન'નો લકબ ફકત અને ફકત મૌલા અલી(અ.સ.) માટે જ છે તેવી જ રીતે સય્યદતો નિસાઈલ આલમીન પણ ફકત અને ફકત જનાબે ફાતેમા(સ.અ.) માટે જ છે.

અઝીઝો! આવો આ બાઅઝમત ખાતુનની વિલાદતના મુબારક મૌકા ઉપર અલ્લાહતઆલાને તેમનો વાસ્તો આપીએ કે ઝમાનાના ઈમામ(અ.ત.ફ.શ.)નો ઝહુર જલ્દી કરે. (ઈ.અ.)

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com